# શેખ નસરુદ્દીનનો ઘોડો

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

ઉત્તર ભારતના લખનૌ શહેરની ગલીઓમાંથી શેખ નસરુદ્દીન ઝડપથી ચાલી રહ્યો હતો. આકાશમાં સૂરજનો ગોળો ધગધગી રહ્યો હતો. નસરુદ્દીન એક ખાસ કાર્ય માટે નીકળ્યો હતો અને એ ખાસ કાર્ય હતું, એક ઘોડો ખરીદવાનું. તેની પાસે પહેલાં ક્યારેય કોઈ ઘોડો નહોતો પણ આ ગરમીમાં અને નજીક આવી રહેલા ચોમાસામાં યાત્રા કરવા માટે અને જ્યાં જવું હોય તે સ્થાન સુધી પહોંચવા માટે ઘોડો સૌથી સારું સાધન હતું.

છેવટે જ્યારે નસરુદ્દીન તબેલામાં ઘોડાના વેપારીને મળ્યો, ત્યારે તેમની વચ્ચે થોડીક જ વાતચીત થઈ. નસરુદ્દીને એ વેપારીને સિક્કાથી ભરેલી એક મોટી પોટલી આપી અને વેપારી ઘોડાને બહાર લઈ આવ્યો. આ ઘોડો વિશાળકાય અને બળવાન હતો, તેની સુંદર કથ્થઈ રંગની ચામડી સૂર્યપ્રકાશમાં ચમકી રહી હતી.

ઘોડાને જોતાં જ નસરુદ્દીનની આંખો ઉત્સુકતાથી મોટી થઈ ગઈ. એની પહેલાં કે વેપારી કંઈ બોલે અને નસરુદ્દીનને તેની આ અસાધારણ નવી જવાબદારીનો પરિચય કરાવે, નસરુદ્દીને તો ઘોડાની ગરદન પકડી લીધી હતી. તે પોતે જ ઘોડાની પીઠ પર ચઢીને બેસવા લાગ્યો.

‘‘અરે થોભો, થોભો, આવું કેવી રીતે કરવાનું તે મને બતાવવા તો દો!’’ વેપારીએ મોટેથી બૂમ પાડતા કહ્યું.

નસરુદ્દીન, કોઈક રીતે આડો-અવળો થઈને ઘોડા પર ચડી ગયો અને વેપારીને આવજો કહીને જવા લાગ્યો. તેણે કહ્યું, ‘‘જો, હું ઠીક છું!’’ તે તો માત્ર *થોડો* જ હાંફી રહ્યો હતો.

નસરુદ્દીને પોતાના પગથી ઘોડાને હળવો ધક્કો માર્યો અને થોડી જ વારમાં તે બંને રસ્તા પર ઝડપથી દોડવા લાગ્યા.

‘‘અરે, થોભો!’’ વેપારીએ નસરુદ્દીનની પાછળ દોડતાં-દોડતાં ફરીથી બૂમ પાડીને કહ્યું. ‘‘અહીં પાછા આવો! શું તમને ઘોડેસવારી કરતાં આવડે છે?’’

‘‘અરે, હું શીખ્યો તો નથી, પણ આ ક્યાં અઘરું છે?’’ નસરુદ્દીને પાછળ ફરીને જવાબ આપ્યો.

અને પછી જોરથી હસીને, નસરુદ્દીન પોતાના ઘોડા પર બેસીને શહેર તરફ નીકળી ગયો. તેઓ નાની-મોટી ઘણી દુકાનો પાસેથી પસાર થયા. થોડી-થોડી વારમાં ઘોડો આમાંની કોઈ એક દુકાન પાસે થોભતો અને ઘણી રુચિપૂર્વક આમતેમ જોતો, ક્યારેક-ક્યારેક અમુક વસ્તુઓને સૂંઘી પણ લેતો.

થોડીવાર પછી, નસરુદ્દીન અને તેનો ઘોડો અનાજ અને અન્ય ખાદ્ય-સામગ્રીની એક દુકાન પાસે આવ્યા. એ દુકાન મીઠી કેરીઓ અને ગુલાબી સફરજનોના ટોપલાંથી, શેરડીના સાઠાંથી અને લીલાં-પાંદડાંવાળી શાકભાજીની ઝૂડીઓથી લદાયેલી હતી. દુકાનના આગળના ભાગમાં, કથ્થઈ રંગના મોટા કોથળા એક લાઈનમાં મૂક્યા હતા અને દરેક કોથળામાં અલગ-અલગ કઠોળ, અનાજ અને દાળ ભરેલી હતી.

ઘોડાએ ત્યાં મૂકેલી ખાદ્યસામગ્રી પર એક નજર ફેરવી અને — પછી શું! — એ સીધો તેના તરફ દોડ્યો. જેવો તે દુકાને પહોંચ્યો કે તરત જ તેણે પોતાનું માથું ચણાના કોથળામાં નાંખી દીધું.

ઘોડો શાંતિથી ચાવી-ચાવીને ખાવા લાગ્યો અને નસરુદ્દીનને વિશ્વાસ જ નહોતો થતો, તે તો બસ જોતો જ રહી ગયો. *તેણે* એ બિલકુલ નહોતું વિચાર્યું કે ઘોડો આ રીતે ચણા પર તૂટી પડશે! એ તો સારું થયું કે તેણે સમયસર ઘોડાની ગરદનના વાળ પકડી લીધા હતા, જેથી તે બચી ગયો નહીં તો તે નીચે પડવાનો જ હતો.

‘‘અરે! ઓ!’’ એ ક્ષણે, ક્યાંક નજીકથી જ આવી રહેલા એક ગુસ્સાભર્યા અવાજને લીધે, નસરુદ્દીન પોતાના વિચારોની દુનિયામાંથી ચમકીને બહાર આવ્યો.

‘‘તું શું કરે છે? રોક તેને!’’ ફરીથી બૂમ પાડીને કોઈકે કહ્યું.

નસરુદ્દીને પાછું ફરીને જોયું કે દુકાનનો માલિક દોડીને તેની તરફ આવી રહ્યો હતો. દુકાનદાર ગુસ્સાથી આંખો કાઢતો, પોતાના હાથમાં એક લાંબી, પાતળી લાકડી ફેરવતો-ફેરવતો આવી રહ્યો હતો.

‘‘દૂર જા, મારા ચણા પાસેથી!’’ એ વ્યક્તિએ મોટેથી બૂમ પાડી.

એની પહેલાં કે નસરુદ્દીન કંઈ સમજી શકે કે શું થઈ રહ્યું છે, એ માણસ પોતાની લાકડી ઘોડાની દિશામાં ફેરવવા લાગ્યો. તેણે ઘોડાને *જોરથી* માર્યું — એકવાર, બે વાર, ત્રણ વાર.

બિચારા ઘોડાએ ચમકીને પોતાનું માથું કોથળામાંથી બહાર કાઢ્યું. ચણા ચારેબાજુ વેરવિખેર થઈ ગયા. જ્યારે ઘોડાએ દુકાનદારના હાથમાં લાકડી જોઈ તો એ ગભરાઈને હણહણવા લાગ્યો. એવું લાગી રહ્યું હતું કે એ વ્યક્તિ હવે પહેલાં કરતાં પણ વધારે ગુસ્સામાં છે કારણકે તેણે એ વિખરાયેલા બધા ચણાને ભેગા કરવા પડશે. હવે તે માણસ શું કરશે, એ જોવા માટે રોકાયા વગર જ ઘોડો તો પોતાના આગળના પગને ઉપર તરફ ઉછાળીને ત્યાંથી ભાગી નીકળ્યો.

ઘોડો વધુ ને વધુ ઝડપથી દોડતો રહ્યો, જેથી તે બની શકે તેટલો દુકાનદારથી દૂર જઈ શકે. તે માટીના કાચા રસ્તા પર તબડક-તબડક અવાજ કરતો દોડી રહ્યો હતો. દુર્ભાગ્યવશ, આ અવાજને લીધે ઘોડો વધુ ઉત્તેજિત થઈ ગયો — જેના કારણે તે હજી વધુ ઝડપથી દોડવા લાગ્યો.

અને જો ઘોડેસવારની વાત કરીએ તો અત્યાર સુધીમાં શેખ નસરુદ્દીન ઘોડાની પીઠ પર સપાટ થઈ ગયો હતો અને પોતાનો જીવ બચાવવા માટે ઘોડાની ગરદનને પકડીને લટકી રહ્યો હતો. નસરુદ્દીન વ્યાકુળતાથી લગામને શોધવા લાગ્યો જેથી તે કોઈક રીતે ઘોડાને ધીમો કરીને કાબૂમાં લાવી શકે. પરંતુ તે પોતાની નીચે એ જાનવરની મોટી પીઠને

જ મહસૂસ કરી શકતો હતો. છેવટે, તેને સમજાયું : લગામ તો હતી જ નહીં. તેણે તો એટલીવાર પણ રાહ નહોતી જોઈ કે વેપારી તેને ઘોડાની લગામ આપે.

એ ક્ષણે, ઘોડાએ અચાનક જ એક વળાંક લીધો અને નસરુદ્દીનના હાથમાં જે કંઈ પકડ બચી હતી તે પણ છૂટી ગઈ; તે ઘોડાની પીઠ પરથી ધકેલાઈ ગયો. એના પહેલાં કે તેને આ બધું સમજાય, તે ઘોડાની બાજુ પરથી લપસીને તેના નીચલા ભાગ તરફ જતો રહ્યો હતો — અને હવે તે કોઈક રીતે, ઘોડાની નીચેની તરફ હતો. તેણે પોતાના ઉપર ઉઠેલા હાથોથી ઘોડાની ગરદનને જકડી રાખી અને પોતાના પગથી ઘોડાના શરીરને.

ઘોડો, ક્યાં તો ઘોડેસવારની દુર્દશાથી અજાણ હતો અથવા તો તેને કોઈ ફરક નહોતો પડતો, તે તો બસ દોડતો જ રહ્યો. થોડીવારમાં જ, એ બંને બીજા બજારમાંથી પસાર થઈ રહ્યા હતા. તેમની આસપાસ ભીડ જામવા લાગી; ઘોડાને આ રીતે બેકાબૂ થઈને દોડતા અને તેના આવા ઝનૂની વર્તનને જોઈને લોકો સ્વાભાવિક રીતે જ આકર્ષિત થઈ રહ્યાં હતાં. લોકો વધુ સારી રીતે જોવા માટે પાસે આવી રહ્યાં હતાં અને સાથે-સાથે એકબીજાને કોણી મારીને તેની તરફ ઈશારો કરી રહ્યાં હતાં, તેમના મુખ પર આશ્ચર્ય અને ચિંતાના ભાવનું મિશ્રણ હતું. શું ઘોડાના નીચલા ભાગમાં કોઈ *માણસ* લટકી રહ્યો છે?

તેમાંથી એક માણસ ભીડમાંથી નીકળીને આગળ આવ્યો. તેણે મોટેથી કહ્યું, ‘‘એ મારો મિત્ર છે! એ તો નસરુદ્દીન છે!’’

તેણે બૂમ પાડીને પૂછ્યું, ‘‘ઓ નસરુદ્દીન! આ શું થઈ રહ્યું છે? તું ક્યાં જઈ રહ્યો છે?’’

થોડીવાર માટે જાણે બધું જ થંભી ગયું. અને પછી, ઘોડાની નીચેથી શેખ નસરુદ્દીને દબાયેલા અવાજમાં જવાબ આપ્યો : ‘‘મને નથી ખબર,’’ તેણે નિસાસો નાંખીને કહ્યું. ‘‘ઘોડાને પૂછો!’’

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.